# ગુજરાત જાહેર સેવા આયોગ

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા **જા.ક્ર.-૧૭/૨૦૧૭-૧૮ થી જા.ક્ર.-૩૨/૨૦૧૭-૧૮ માટે તારીખ-૧૫/૦૫/૨૦૧૭ (૧૩:૦૦ કલાક) થી તારીખ-૩૧/૦૫/૨૦૧૭ (૧૩:૦૦ કલાક)** સુધી **Online** અરજીઓ મંગાવવામાં આવે છે. સદરહુ જગ્યાઓની મુખ્ય અને અગત્યની વિગતો જેવી કે **શૈક્ષણિક લાયકાત, અનુભવ, ઉંમર, પગાર ધોરણ,** ઉંમરમાં છૂટછાટ, અરજી ફી, ઓનલાઈન અરજી કરવાની રીત, જાહેરાતની સામાન્ય જોગવાઈઓ તથા અન્ય વિગતો આયોગના નોટીસ બોર્ડ ઉપર અથવા આયોગની વેબસાઈટ **www.gpsc.gujarat.gov.in** ઉપર જોવા વિનંતી છે. જાહેરાતની બધીજ–સંપૂર્ણ વિગતો આયોગની વેબસાઈટ પર જોયા બાદ જ ઉમેદવારે **https://gpsc-ojas.gujarat.gov.in** પર **Online** અરજી કરવાની રહેશે. ઉંમર ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે. તારીખ-૧૫/૦૫/૨૦૧૭

| જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | કુલ જગ્યાઓ પૈકી શારીરિક અશક્તતા માટે અનામત | કુલ જગ્યાઓ પૈકી માજી સૈનિક માટે અનામત | પ્રાથમિક કસોટીની સૂચિત તારીખ | પ્રાથમિક કસોટીના પરિણામનો સંભવીત માસ | રૂબરૂ મુલાકાતનો સંભવીત માસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | | | | ૫ | | | | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| | | | બિન અનામત | સા.શૈ.પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | બિન અનામત | સા.શૈ.પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | | | | | |
| | સરકારી આયુર્વેદ કોલેજોમાં વિવિધ વિષયના લેક્ચરર સિનિયર સ્કેલ (રીડર) આયુર્વેદ વર્ગ-૧, ગુજરાત આયુર્વેદ સેવા (જા.ક્ર-૧૭ થી ૩૦/૨૦૧૭-૧૮) | | | | | | | | | | | | | | |
| ૧૭ | સંહિતા સિદ્ધાંત | ૦૭ | ૦૫ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | જા.ક્ર.૧૭/૧૭-૧૮ થી જા.ક્ર.૩૦/૧૭-૧૮ની કુલ-૬૫ જગ્યાઓ પૈકી ૦૧ જગ્યા OL (One Leg) પ્રકારની શારીરિક અશક્તા ધરાવતા ઉમેદવારો માટે અનામત | ૦૦ | ૦૮-૧૦-૨૦૧૭ | ડિસેમ્બર-૨૦૧૭ | જાન્યુઆરી-૨૦૧૮ |
| ૧૮ | રચના શરીર | ૦૭ | ૦૫ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | | ૦૦ | ૧૦-૦૯-૨૦૧૭ | નવેમ્બર-૨૦૧૭ | ડિસેમ્બર-૨૦૧૭ |
| ૧૯ | ક્રિયા શરીર | ૦૭ | ૦૫ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | | ૦૦ | ૧૦-૦૯-૨૦૧૭ | નવેમ્બર-૨૦૧૭ | ડિસેમ્બર-૨૦૧૭ |
| ૨૦ | પંચકર્મ | ૦૪ | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | | ૦૦ | ૧૦-૦૯-૨૦૧૭ | નવેમ્બર-૨૦૧૭ | ડિસેમ્બર-૨૦૧૭ |
| ૨૧ | દ્રવ્યગુણ | ૦૪ | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | | ૦૦ | ૩૦-૦૭-૨૦૧૭ | ઓકટોબર-૨૦૧૭ | નવેમ્બર-૨૦૧૭ |
| ૨૨ | રસશાસ્ત્ર અને ભૈષજ્ય કલ્પના | ૦૪ | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | | ૦૦ | ૨૦-૦૮-૨૦૧૭ | નવેમ્બર-૨૦૧૭ | ડિસેમ્બર-૨૦૧૭ |
| ૨૩ | રોગ નિદાન અને વિકૃત્તિ નિદાન | ૦૪ | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | | ૦૦ | ૨૦-૦૮-૨૦૧૭ | નવેમ્બર-૨૦૧૭ | ડિસેમ્બર-૨૦૧૭ |
| ૨૪ | સ્વસ્થવૃત્ત | ૦૪ | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | | ૦૦ | ૩૦-૦૭-૨૦૧૭ | ઓકટોબર-૨૦૧૭ | નવેમ્બર-૨૦૧૭ |
| ૨૫ | અગદતંત્ર અને વિધી વૈધયક | ૦૪ | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | | ૦૦ | ૧૦-૦૯-૨૦૧૭ | નવેમ્બર-૨૦૧૭ | ડિસેમ્બર-૨૦૧૭ |
| ૨૬ | પ્રસૂતી અને સ્ત્રી રોગ | ૦૪ | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | | ૦૦ | ૦૮-૧૦-૨૦૧૭ | ડિસેમ્બર-૨૦૧૭ | જાન્યુઆરી-૨૦૧૮ |
| ૨૭ | શાલક્ય તંત્ર | ૦૪ | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | | ૦૦ | ૨૦-૦૮-૨૦૧૭ | નવેમ્બર-૨૦૧૭ | ડિસેમ્બર-૨૦૧૭ |
| ૨૮ | શલ્ય તંત્ર | ૦૪ | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | | ૦૦ | ૩૦-૦૭-૨૦૧૭ | ઓકટોબર-૨૦૧૭ | નવેમ્બર-૨૦૧૭ |
| ૨૯ | કૌમાર ભૃત્ય | ૦૪ | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | | ૦૦ | ૦૮-૧૦-૨૦૧૭ | ડિસેમ્બર-૨૦૧૭ | જાન્યુઆરી-૨૦૧૮ |
| ૩૦ | કાય ચિકિત્સા | ૦૪ | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | | ૦૦ | ૦૮-૧૦-૨૦૧૭ | ડિસેમ્બર-૨૦૧૭ | જાન્યુઆરી-૨૦૧૮ |
| ૩૧ | નાયબ નિયામક, (નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું), સામાન્ય રાજય સેવા, વર્ગ-૧, (ખાસ ભરતી) | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | 00 | ૦૦ | ૧૬-૦૭-૨૦૧૭ | સપ્ટેમ્બર-૨૦૧૭ | નવેમ્બર-૨૦૧૭ |
| ૩૨ | સંશોધન અધિકારી, સામાન્ય રાજય સેવા, વર્ગ-૧, નર્મદા, જળસંપતિ, પાણી પૂરવઠા અને કલ્પસર વિભાગના નિયંત્રણ હેઠળની કચેરી | ૦૪ | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | 00 | ૦૦ | ૧૬-૦૭-૨૦૧૭ | સપ્ટેમ્બર-૨૦૧૭ | નવેમ્બર-૨૦૧૭ |

**નોંધ :-** (૧) આખરી પરિણામ રૂબરૂ મુલાકાત પૂર્ણ થયાના અંદાજીત ૧૦ કામકાજના દિવસો દરમ્યાન પ્રસિધ્ધ કરવામાં આવશે.

(૨) સીધી ભરતીના કિસ્સામાં પ્રાથમિક કસોટીમાં આયોગે નક્કી કરેલ લાયકી ધોરણમાં આવતા અને જાહેરાતમાં ભરતી નિયમમાં દર્શાવેલ જોગવાઇઓ સંતોષતા ઉમેદવારોને રૂબરૂ મુલાકાતમાં બોલાવવામાં આવશે. ઉમેદવારોની આખરી પસંદગી પ્રાથમિક કસોટીમાં ૩૦૦ ગુણમાંથી જે ગુણ મેળવેલ હશે તેનું ૫૦ ગુણભાર અને રૂબરૂ મુલાકાતના ૧૦૦ ગુણમાંથી મેળવેલ ગુણના ૫૦ ગુણભારના પ્રમાણસહ ગણતરી કરીને કુલ ગુણના આધારે કરવામાં આવશે. એટલે કે, પ્રાથમિક કસોટી અને રૂબરૂ મુલાકાતના અનુક્રમે ગુણ ૩૦૦ અને ૧૦૦માંથી મેળવેલ ગુણનું ૫૦-૫૦ ટકા વેઇટેજ આપવામાં આવશે. આખરી પસંદગીમાં આયોગ જે લઘુત્તમ ધોરણ નક્કી કરશે તે લાગુ પડશે અને તેના મેરીટલીસ્ટના આધારે પસંદગી યાદી આખરી કરવામાં આવશે. પ્રાથમિક કસોટીમાં ૧૦૦ ગુણના ૧૦૦ પ્રશ્નો સામાન્ય અભ્યાસના તથા ૨૦૦ ગુણના ૨૦૦ પ્રશ્નો સંબંધિત વિષયના રહેશે.

(૩) ઉમેદવારોની પ્રાથમિક કસોટીની OMR Answer Sheet પ્રાથમિક કસોટી પૂર્ણ થયા બાદ વહેલી તકે આયોગની વેબસાઈટ પર મુકવામાં આવશે

(૪) (૧) ઉમેદવારોએ જાહેરાત ક્રમાંક અને જગ્યાનું નામ સ્પષ્ટ રીતે વાંચીને ઓનલાઇન અરજી કરવી. ઓન-લાઇન અરજી કરતી વખતે તમામ વિગતો અરજીપત્રકમાં ભર્યા બાદ, તે વિગતોની ખાતરી કરીને ત્યાર પછી જ અરજી કન્ફર્મ કરવાની રહેશે. (૨) કન્ફર્મ થયેલ અરજીપત્રકની વિગતો કે તેમાં ઉમેદવારે આપેલ માહિતીમાં ક્ષતિ કે ચૂક બાબતે સુધારો કરવાની રજુઆત / વિનંતી ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ. (૩) એક કરતાં વધારે સંખ્યામાં અરજી કર્યાના કિસ્સામાં છેલ્લે કન્ફર્મ થયેલ અરજીપત્રક જ માન્ય રાખવામાં આવશે. બિન અનામત વર્ગના ઉમેદવારો માટે છેલ્લે કન્ફર્મ થયેલ ફી સાથેનું અરજી પત્રક માન્ય રાખવામાં આવશે. (૪) ઉમેદવારોએ રૂબરૂ મુલાકાતને પાત્ર થયાના કિસ્સામાં રજૂ કરવાના થતા પ્રમાણપત્રો (સામાન્ય સૂચનાઓમાં આપેલ ક્રમમાં) તૈયાર રાખવાના રહેશે.